ગટર-પાણીની ફરિયાદો પાટનગર યોજનાને મોકલવામાં આવે છે

ગાંધીગનગર.તા.૧૧

આ ટોલ ફ્રી નંબર ઉપર ગટર-પાણીની જે ફરિયાદો નોંધવામાં આવે છે તે તમામ ફરિયાદો પાટનગર યોજના ઓફિસમાં મોકલી આપવામાં આવે છે. કારણ કે ગટર અને પાણીની વ્યવસ્થા ગાંધીનગરમાં પાટનગર યોજના દ્વારા કરવામાં આવે છે. પાટનગર યોજનાને ફરિયાદો ફોરવર્ડ કર્યા બાદ મહાનગર પાલિકાના ટોલ ફ્રી ડિપાર્ટમેન્ટમાં તે ફરિયાદ ક્લોઝ કરવામાં આવે છે.

શહેરીજનોએ આ ટોલ ફ્રી નંબર દ્વારા સૌથી વધારે સેનીટેશન,

પાણી-ડ્રેનેજ અંગેની ફરિયાદો કરી છે. ગાંધીનગરમાં નાગરિકોને બેઝિક સગવડો મળી રહે તે અનિવાર્ય છે. તે માટે જીએમસી દ્વારા પ્રયાસો કાર્યરત પણ છે. નવા ગાંધીનગરમાં સમાવિષ્ટ વિસ્તારોમાં હજી ગણી બધી બેઝિક પાયાની જરૂરિયાતો મળી રહી નથી. કોર્પોરેશન દ્વારા દરેક વિસ્તારમાં પાયાની જરૂરિયાતો મળી રહે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એક સમયે નાગરિકોની ફરિયાદોનું કોઈ વજૂદ જ નહોતુ. નાગરિકોના પ્રશ્નોનો કોઈ નિરાકરણ થતું નહોતુ તેવામાં નાગરિકો પરેશાન બની જતા હતા. ખાસ કરીને પાણી અને ગટરની ફરિયાદોને લઈને નગરજનો ટલ્લે ચડતા હતા. જેની સામે હવે નાગરિકોને આ ટોલ ફ્રી નંબર મળતા સમસ્યાઓ અને તેનો ઉકેલ પણ થઈ રહ્યો છે પહેલા નાગરિકોને કોર્પોરેશન અને પાટનગર યોજના વચ્ચે ખો આપવામાં આવતી હતી. કોર્પોરેશનની વેબસાઈટ, મેઈલ તથા સોશિયલ મિડીયામાં આવતી કોમેન્ટ કે મેસેજની નોંધ લેવામાં આવે છે જે માટે જનસંપર્ક વિભાગ ખૂબ સક્રીય ભૂમિકા ભજવું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ડિપાર્ટમેન્ટ	ટોટલ	ઓપન	ક્લોઝ
એડમીન	૧૯૮	૦	૧૯૮
દબાણ	૭૮	૦	૭૭
હેલ્થ	૧૯	૦	૧૯
અન્ય	૩૬	૦	૩૬
સેનીટેશન	૧૦૨૦	૧૧	૧૦૦૯
સ્ટ્રીટલાઈટ	૨૭૨	૫	૨૫૩
ટેક્ષ	૨૧	૭	૧૪
પાણી-ડ્રેનેજ	૭૯૨	૫૭	૭૨૩
વૃક્ષ નિકંદન	૯૯	૨	૯૭
એનિમલ હેલ્પલાઈન	૧૯૧	૬	૧૮૫
ટોટલ	૨૬૯૯	૮૮	૨૬૧૧

એડવાન્સ રીસર્ચ ક્રિકેટ ટુર્નામેન્ટનો ભવ્ય ઉદ્ઘાટન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવા રિચર્સ, ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન દ્વારા રાજ્યકક્ષાનો અન્ડર-૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટલનું ઉદ્ઘાટન તા. ૧૦મી મે ના રોજ શિક્ષણ મંત્રી (રાજ્યકક્ષા) ડૉ. કુબેરભાઈ ડિંડોરજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટૂર્નામેન્ટનો ઉદ્ઘાટન સમારંભ યુનિવર્સિટીના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર ડૉ. મનીષ શર્મા, રજીસ્ટ્રાર ડૉ. મનીષ પરમાર, ઈવેન્ટ કો ઓર્ડીનેટર અવિનાશ પટેલ, ડૉ. આલોક પંડ્યા, ડૉ. ધવલ પટેલ વિગેરેની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ૧૦ મે થી ૧૮ મે સુધી ચાલનારી ૮ દિવસીય આ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉદ્દેશ યુવાઓમાં ખેલદિલીની ભાવના જાગે તેમ આયોજકોએ જણાવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં રાજ્યકક્ષાની વિવિધ ૨૧ જેટલી ટીમો ભાગ લઈ રહી છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવવાથી આઈ.એ.આર.માં ભારે ઉત્સાહ વર્તાઈ

રહ્યો છે. મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરજીએ સંબોધન આપતા કહ્યું હતું કે દરેક વિદ્યાર્થીઓએ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ અને તેમણે રમત ગમતનું જીવનમાં મહત્વ દર્શાવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારના ખેલનો મૂળભૂત હેતુ વ્યક્તિની ખેલદીલીને ખીલવી સમાજમાં ભાતૃભાવના અને ભાઈચારાની સદ્ભાવના વિકસાવવાનો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સરકારની વિવિધ ખેલકૂદ અને અભ્યાસલક્ષી યોજનાઓ અને ખેલમહાકુંભ જેવી પ્રતિયોગિતાઓનો વધુ ને વધુ લાભ લઈ સાચા અર્થમાં ન્યુ ઈન્ડિયાના સ્વપ્રને સાકાર કરવામાં પોતાનો અમલ્ય ફાળો આપે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. મનીષ પરમાર અને અવિનાશ પટેલ દ્વારા યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રોફેસર રાવ ભામિદીમારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

ર.વ. દેસાઈના જન્મદિને સૌદર્યજ્યોત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા.૧૨ મે, ગુરુવારના રોજ, સાંજે ૫.૩૦ કલાકે, મીલ ઑનર્સ બિલ્ડિંગ ઓડિટોરિયમ (આત્મા હૉલ), આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, નાટ્યકાર, કવિ રમણલાલ વસંતલાલ દેસાઈના ૧૩૧મા જન્મદિનપ્રસંગે 'સૌંદર્યજ્યોત' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ભૂમિકા રજૂ કરશે. ર.વ. દેસાઈના જીવન વિશે નિયતિ અંતાણી, ર.વ. દેસાઈના નિબંધો વિશે પ્રવીણ દરજી અને ર.વ. દેસાઈની નવલકથાઓ વિશે ગુણવંત વ્યાસ વક્તવ્ય આપશે. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

સાબરમતી યુનિવર્સિટી ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પર ખાસ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સ્થિત સાબરમતી યુનિવર્સિટી ખાતે ખાસ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે તાલિમ અને જાગૃતિ પર ખાસ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે ગુજરાત સરકાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ગુજરાત સરકારના ડિરેક્ટર (એડમિન) ડૉ. મનોજ પાટડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર (જીએસડીએમએ) વિમલ તિવારી

તેમજ ડે.મામલતદાર આશિયાના શેખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ એક દિવસીય વર્કશોપમાં ઉપસ્થિત તમામ અતિથીઓ દ્વારા ડિઝાસ્ટરને લગતા અભ્યાસક્રમો તેમજ કોઈપણ ડિઝાસ્ટર સમયે કેવી રીતે ગુજરાત સરકારનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ કામ કરે છે તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી. મુખ્ય અતિથી ડૉ. મનોજ પાટડિયાએ યુવાનો વધુને વધુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશે જાણે અને તેના વિશેના અભ્યાસક્રમો યુનિવર્સિટીઓ દ્વારા દાખલ કરવામાં આવે તેના પર ખાસ ભાર મૂક્યો હતો. તો બીજી તરફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે જાગૃતિ ફેલાવવા લોકો દ્વારા કેવા કેવા પ્રયાસો થવા જોઈએ તેમજ કોઈપણ ડિઝાસ્ટર સમયે કેવા પ્રકારના પગલાં ભરવાથી મોટી જાનહાની ટાળી શકાય છે તેના વિશે ખાસ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ઘર કે ઓફિસમાં આગ, શોટ સર્કિટ, કે પછી વાહનમાં ક્યારેય આગના બનાવો બને તો લોકોએ કેવી રીતે ગભરાયા વગર તેને કાબૂમાં લેવી જોઈએ તેના વિશે ખાસ ડેમોન્સ્ટ્રેશન યોજવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ લોકો કોઈપણ ડિઝાસ્ટર સમયે ગભરાયા વગર તેમાંથી બહાર આવવા કેવા પગલાં ભરી શકે તેના વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. આ પ્રસંગે સાબરમતી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, ડીન તેમજ ફેકલ્ટીના સભ્યો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જેને કંઈ શીખવુ છે, જેને ભણવુ છે તેના માટે કોઈપણ સામાજિક, આર્થિક પરિસ્થિતિ બાધારૂપ નથી. અભાવો વચ્ચે પણ તેઓ પોતાનો રસ્તો કાઢી લે છે અને સફળતા મેળવે છે. સતત અભાવો અને આર્થિક સંકડામણ વચ્ચે રહેતા વ્યક્તિઓ જ્યારે સફળતા મેળવે છે ત્યારે માત્ર તેમની સફળતા જ જોવાય છે તેની પાછળનો સંઘર્ષ કોઈ જોતુ નથી. તસ્વીરમાં દેખાતી નાનકડી દિકરી નીચે પડેલા કાગળમાંથી કંઈક વાંચવાનો પ્રયાસ કરી રહી છે. તેની ધગશ અત્યારે કદાચ કોઈના ધ્યાનમાં નહી આવે પરંતુ આ દિકરી મોટી થઈને જ્યારે સફળતા મેળવશે ત્યારે તેની સૌ કોઈ કદર કરશે. ભણવાની અને શીખવાની ધગશ ધરાવતા આવા અભાવગ્રસ્ત બાળકોને મદદ કરવી જોઈએ અને તેમને સફળતાના માર્ગે આગળ ધપાવવા એ આપણી ફરજ છે.

"વન પ્રોપર્ટી વન ટેક્સ" માટે વસાહત મહાસંઘની રજુઆત

શહેરમાં સેક્ટરના ખાનગી મકાનોમાં ઉપર નીચેના માળે રહેતા કુટુંબીજનો કે ભાડૂઆતને અનુલક્ષીને અપાયેલા પ્રોપર્ટી ટેક્ષના બબ્બે બિલો ગેરવ્યાજબી હોવાની રાવ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રોપર્ટી ટેક્સના બિલ દરેક વસાહતીના ઘરે મોકલી આપવામાં આવ્યા છે. આ બીલોમાં આ વખતે એક જ મકાનમાં ઉપર નીચે જો ભાડુઆત કે પરીવારના અન્ય કોઈ સભ્યો રહેતા હોય તો તે મકાનના બે અલગ અલગ પ્રોપર્ટી બિલ મોકલવામાં આવ્યાં છે. આ બાબતનો ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે અને "વન પ્રોપર્ટી વન ટેક્સ" જ હોવો જોઈએ તેવી મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

શહેર વસાહત મહાસંઘે કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે "ગાંધીનગર મહાનગરપાલિકામાં પ્રોપર્ટી ટેક્સના બિલો આડેધડ આપવામાં આવે છે. મોટા ભાગના વસ્તારી કુટુંબના સભ્યોને કારણે મકાનો ૨-૩ માળના બનાવી ભાઈ-ભાભી કે પુત્ર-પુત્રવધૂ ઉપરના માળે અલગ રહેતા હોય છે. એક જ માલિકનું મકાન હોવા છતાં બે બિલો અલગ અલગ શા માટે? એક જ માલિકના બનાવેલ મકાનનું પુરે પુરૂ માપ સર્વેયરો (એન્જિનિયર) મારફતે લેવામાં આવેલ છે અને તેના આધારે પ્રોપર્ટી ટેક્સ નક્કી કરવામાં આવેલ છે. છતાં અલગ અલગ બિલો શા માટે? બિલમાં ટેનેન્ટ એટલે કે ભાડુઆત લખાઈને આવે છે પરંતુ જો પરિવારના જ ભાઈ-ભાભી કે પુત્ર-પૂત્રવધુ ઉપરના માળે રહેતા હોય તો અલગ અલગ બિલો શા માટે? કેટલાંક મકાન મોંઘવારીને કારણે મકાનો ભાડે આપેલ હોય તો ભવિષ્યમાં આ ટેક્સ બિલના આધારે મકાન પચાવી પાડે તો જવાબદારી કોની? બંધારણ અને જનરલ નિયમો પ્રમાણે "વન પ્રોપર્ટી વન ટેક્સ" હોવો જોઈએ. આ પ્ર?શ્ને તાત્કાલિક અસરથી નિવેડો લાવવો જરૂરી છે." આ સાથે આ બાબતે ઘટતી કાર્યવાહી કરી ગાંધીનગર ?શહેર વસાહત મહાસંઘને જાણ કરવા વિનંતી પણ કરવામાં આવી છે.

'અતુલ્ય વારસો' દ્વારા ''અતિતનું અજવાળુ'' અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લામાં આવેલા આસોડા ગામ ખાતે શિવ પંચાયત જસમલનાથ મહાદેવના મંદિરમાં સંસ્કૃત ઉપાસના સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ''અતિતનું અજવાળુ'' દ્વારા આ કાર્યક્રમ પાછળ સંસ્થાનો હેતુ અંગે કપિલ ઠાકરે જણાવ્યું હતુ કે "પ્રાચીન સમયથી દેવાલયમાં સચવાઈ રહેલ દિવ્ય અને હકારાત્મક ઉર્જા વાતાવરણમાં પ્રસરે અને સમગ્ર રાજ્ય અને દેશ નવી ઉર્જાઓ સાથે પ્રકાશમય બને."

માં મેલડી મંડળ દ્વારા શ્રમજીવી બાળકો માટે ખીચડી નુ વિતરણ

માં મેલડી મંડળ સેક્ટર ૩ સી ના મધુબેન કે કડીકર અને મંડળ ની બહેનો સાથે મળીને સેક્ટર ૪ માં શ્રમજીવી બાળકો અને સેક્ટર ૬ માં સંત રોહીદાસ મંદિર પાસે શ્રમજીવી બાળકો ને ખીચડી નુ વિતરણ કર્યુ હતું.આ સેવા કાર્ય માં પ્રફુલ્લા બેન ભાવસાર પણ ઉપસ્થિત રહી સેવા કાર્ય માં જોડાયા હતા.શ્રમજીવી બાળકો માં ખુશી ની માહોલ જોવા મળ્યો હતો.

વાવોલ ખાતે બાળકો માટે દિવા સમર કેમ્પનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં ઉનાળુ વેકેશનમાં મોટી સંખ્યામાં સમર કેમ્પના આયોજનો જોવા મળે છે જેમાં બાળકો રજાઓના ફાજલ સમયનો સદુપયોગ કરીને નવી નવી રચનાત્મક બાબતો શીખી શકે છે. વાવોલ વિસ્તારમાં વૈદેહી એલિગન્સ ખાતે દિવા સમર કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેનું ઉદઘાટન ગાંધીનગર ખાતેની સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના યોગ વિષયના

પ્રાધ્યાપક ડો.આલોક પાંડેના હસ્તે કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ સમર કેમ્પના સંચાલિકા વંદના સિંઘે જણાવ્યું હતું કે દિવા સમર કેમ્પમાં બાળકોને આર્ટ, ક્રાફ્ટ, મ્યુઝિક, ડાન્સ, કોમ્પ્યુટર, બૌદ્ધિક રમતો, ક્લે એક્ટિવિટી ઉપરાંત પર્યાવરણલક્ષી પ્રવૃતિઓ પણ કરાવાશે. આ સમર કેમ્પમાં વાવોલ અને ગોકુલપુરાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવ્યો છે.